**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરૂવાર, તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૯**
**(પહેલી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકોના સમયમાં શુક્રવાર તા.૧૯–૭–૨૦૧૯થી અમલમાં આવનાર ફેરફાર અંગેની જાહેરાત કરી.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨ અને નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩ માનનીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના મંત્રીશ્રી આર.સી.ફળદુએ, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪ માનનીય પશુપાલન અને ડેરી વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૧ તેમજ વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪ માનનીય બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી આર.સી.ફળદુએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૪ અને ૨૬, માગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭, ૨૯ અને ૩૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૩૯ અને ૪૧, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨, ૪૩, ૪૬, ૪૭ અને ૪૮ માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૫ અને ૫૬ તેમજ માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯, ૬૦, ૬૧, ૬૪ અને ૬૬ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી લલીત વસોયા
(૨) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૩) શ્રી બ્રિજેશ મેરજા
(૪) શ્રી ઋષિકેશ પટેલ
(૫) શ્રી મોહનસિંહ રાઠવા
(૬) શ્રી મુકેશભાઇ પટેલ
(૭) શ્રી વિક્રમભાઇ માડમ
(૮) શ્રી કનુભાઇ દેસાઇ
(૯) શ્રી જીતુભાઇ ચૌધરી
(૧૦) શ્રી કિર્તીસિંહ વાઘેલા
(૧૧) શ્રી કીરીટકુમાર પટેલ
(૧૨) શ્રી કનુભાઇ બારૈયા
(૧૩) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૧૪) શ્રી લલીતભાઇ કગથરા
(૧૫) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૧૬) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૭) શ્રી પ્રવિણભાઇ મારૂ

**વિરામ સવારના ૧૧.૩૦થી ૧૨.૦૦**

**વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧૮) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૯) શ્રી રાજેશકુમાર ગોહિલ
(૨૦) શ્રી મંગળભાઇ ગાવિત
(૨૩) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨૪) શ્રી અરવિંદ છો.પટેલ
(૨૫) શ્રી સુખરામભાઇ રાઠવા

(૨૧) શ્રી પરસોત્તમ સાબરીયા (૨૬) શ્રી જેઠાભાઇ આહિર(ભરવાડ)
(૨૨) શ્રી અમરિષભાઇ ડેર

પશુ પાલન અને ડેરી વિકાસને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય પશુ પાલન અને ડેરી વિકાસ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તેમજ બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તેમજ બંદરો અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી આર.સી. ફળદુએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૪ અને ૨૬, માગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭, ૨૯ અને ૩૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૩૯ અને ૪૧, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨, ૪૩, ૪૬, ૪૭ અને ૪૮ માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૫ અને ૫૬ તેમજ માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯, ૬૦, ૬૧, ૬૪ અને ૬૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬, ૭૧ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧.૫૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમઃ ૧૨થી ૩૩૩ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૦૦ વાગ્યે પૂરો થયો.**

૨. **પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**
**માનનીય ધારાસભ્યશ્રીઓનો પ્રોટોકોલ જાળવવા અંગે**

સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે માનનીય સંસદસભ્યોના ધોરણે ગુજરાતના ધારાસભ્યશ્રીઓને માટે પણ પ્રોટોકોલ જળવાય તે અંગે મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય સરકાર આ બાબતને ગંભીરતાથી લેશે તેમજ આ પ્રોટોકોલ જળવાવો જોઇએ તેમ જણાવ્યું.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩ તેમજ જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૯, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨,

૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૪ અને ૫૫ તેમજ માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪ અને ૬૫ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

**નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રી વિક્રમભાઇ માડમ
(૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ

ગૃહ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૯, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૪ અને ૫૫ તેમજ માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪ અને ૬૫ સભાગૃહની સંમતિથી પરત ખેંચવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**વિરામ સાંજના ૪.૫૮ થી ૫.૩૦**

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી હિંમતસિંહ પટેલે, ''રાજયના શહેરોમાં ડ્રાફ્ટ ટી.પી. મંજૂર થયા બાદ લાંબા સમય સુધી ફાઇનલ થતી ન હોવાથી રાજ્યના શહેરોમાં નાગરીકોને સુવિધા સમયસર ઉપલબ્ધ થતી નથી. જેથી આ ટી.પી. સમય મર્યાદામાં મંજૂર કરવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રી અરવિંદકુમાર પટેલ
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી હર્ષ સંઘવી
(૪) ડો. સી.જે.ચાવડા
(૫) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૬) શ્રી લાખાભાઇ ભરવાડ
(૭) શ્રીમતી સીમાબેન મોહીલે

ત્યારબાદ ચર્ચાનો જવાબ શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી માનનીય સભ્યશ્રી હિંમતસિંહ પટેલે પોતાનો સંકલ્પ પરત ખેંચી લીધો.

(૨) સભ્યશ્રી રમેશભાઇ કટારાએ, ''તાજેતરમાં અરબી સમુદ્રમાં આવેલા વાયુ વાવાઝોડાથી રાજ્યના સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ થયેલ. તે સમયે રાજ્ય સરકારે અગમચેતીથી પગલાં લઇ ઓછામાં ઓછું નુકસાન થાય તેવી સરાહનીય કામગીરી કરેલ અને ભવિષ્યમાં પણ આવી ગંભીર પરિસ્થિતિ ઉભી થાય ત્યારે અસરકારક કામગીરી કરવામાં આવે'' તે અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) ડો. નીમાબેન આચાર્ય
(૨) શ્રી અમરીષભાઇ ડેર
(૩) શ્રી બાબુભાઇ બોખીરીયા
(૪) શ્રી પ્રતાપભાઇ દૂધાત

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર, તા.૧૯મી જુલાઇ ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૭.૧૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.